# કુછ મીઠા હો જાયે, અબ દિન દૂર ક્યોં હૈ!





પગરવ
★ પ્રશસ્ત પંડ્યા

ખાંડના ભાવ અચાનક વીસ ટકા જેટલાં વધ્યા છે અને આપણા સૌ કોઈના મીઠાશમાં કડવાશ ભળી છે. સામે તહેવારોની સિઝન છે અને મિઠાઈઓની લેવાલ વધવાની છે. એ જ સમયે ખાંડ મોંઘી થઈ છે અને હાલ તેના ભાવ ઘટે એમ લાગતું નથી. ખાંડ ઉત્પાદનને લઈને આપણી ઉત્તરોત્તર પડતી દેખાઈ રહી છે. કારણ થોડા વર્ષ પૂર્વે આપણે વિશ્વમાં ખાંડ નિર્યાત કરવામાં બીજા ક્રમે હતા. દેશમાં ઉત્પાદન થતી ખાંડની સ્થાનિક ખપત 28 મિલિયન ટન [280 લાખ ટન] હતી, તેની પૂરતી પછી પણ આપણે સાત મિલિયન ટન વિદેશમાં મોકલતા હતા. પરંતુ આ વર્ષે એક મિલિયન ટન ખાંડ આયાત કરવાના દિવસો આવ્યા છે. આવું કેમ થયું તેના અનેક કારણો આપવામાં આવી રહ્યા છે. એક કારણ તેમાં ઈથનોલ દર્શાવામાં આવ્યું છે. એક અહેવાલ પ્રમાણે ઈથનોલ એક પ્રકારનું આલ્કોહોલ છે અને પેટ્રોલમાં તેનું મિશ્રણ કરીને ઈંધણ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. સરકારે હાલમાં ખાડીના યુદ્ધના કારણે ઈથનોલનો ઉપયોગ વધારવાનું નક્કી કર્યું છે; જેથી પેટ્રોલની આયાત ઘટાડી શકાય અને તે સાથે નાણાં પણ બચાવી શકાય. હવે ઈથનોલ છે તે શેરડીથી બને છે અને તેથી જે શેરડીનો હિસ્સો સામાન્ય રીતે ખાંડ માટે જતો હતો તે હાલમાં ઈંધણ માટે જઈ રહ્યો છે. વિવિધ અહેવાલોના એક અંદાજ પ્રમાણે દેશમાં ઉત્પાદન થઈ રહેલા ઈથનોલમાં શેરડીથી તૈયાર થતો કાચો માલનો હિસ્સો 28 ટકા જેટલો હોય છે. આ વર્ષની વાત કરીએ તો 3 મિલિયન ટન ખાંડ ઈથનોલના ઉત્પાદન અર્થે ઉપયોગમાં લેવાઈ હતી. જો તે ખાંડ ફૂડ સપ્લાયમાં બરકરાર રહી હોત તો, હાલના સમયમાં આપણે ખાંડનો વધુ સારો સ્ટોક ધરાવતા હોત. હવે એવુંય નથી કે જ્યારે તમને જરૂર હોય ત્યારે તમે આ પ્રકારની આયાત નથી કરતા. તે તો અનેક કિસ્સામાં કરવી જ પડે, પરંતુ હાલમાં ઈથનોલનો વિકલ્પ આપણે પસંદ કર્યો છે, જેથી આ સ્થિતિ આવી છે.

ખાંડની અછતને લઈને વિવિધ અહેવાલોમાં જુદા જુદા કારણો દાખવવામાં આવ્યા છે. જેમ કે, એક ન્યૂઝ પોર્ટલ પર જે કારણ મૂકવામાં આવ્યું છે તેમાં ઈથનોલ કરતાં વધુ જવાબદાર ઓછો વરસાદ છે. દેશમાં શેરડીનું ઉત્પાદન કરનારા ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવાં રાજ્યોમાં વરસાદ ખૂબ ઓછો થયો છે, તે કારણે શેરડીનું ઉત્પાદન ઘટ્યું છે અને તે કારણે કિંમતો વધી છે. અહેવાલમાં માંડીને વાત કરવામાં આવી છે કે દેશમાં આ સમયની સિઝનમાં શેરડીનું ઉત્પાદન લાખ મેટ્રિક ટનમાં થાય છે તેમાં ઘટ 37 લાખ મેટ્રિક ટનની છે અને તેનું એક કારણ ઉત્તરપ્રદેશમાં શેરડીનું ઉત્પાદન સૌથી વધુ થાય છે તે જિલ્લામાં થયેલો ઓછો વરસાદ છે. એ રીતે મહારાષ્ટ્રના જિલ્લાની યાદી આપીને અહીંયા શેરડી ઉત્પાદિત કરનારા જિલ્લામાં થયેલા ઓછા વરસાદનું કારણ દર્શાવવામાં આવ્યું છે. અહીંયા ઈથનોલમાં શેરડીનો હિસ્સો જાય છે તેથી ખાંડનું ઉત્પાદન ઘટ્યું છે તે સંદર્ભે આંકડા આપવામાં આવ્યા છે. તે આંકડા મુજબ છેલ્લા પાંચ વર્ષથી શેરડીના ઉત્પાદનનો નિર્ધારીત હિસ્સો ઈથનોલ માટે જાય છે, પરંતુ હજુ સુધી ખાંડના ભાવ વધ્યા નથી કે ન તો તેની અછત થઈ છે.

**ખાંડની આયાત માટે હાલમાં આપણે બ્રાઝિલ તરફ મીટ માંડીને બેઠા છીએ અને બ્રાઝિલથી ખાંડનો જથ્થો 15 ઑક્ટોબરની આસપાસ દેશમાં પહોંચી જશે!**

ખાંડની આયાત માટે હાલમાં આપણે બ્રાઝિલ તરફ મીટ માંડીને બેઠા છીએ અને બ્રાઝિલથી ખાંડનો જથ્થો 15 ઑક્ટોબરની આસપાસ દેશમાં પહોંચી જશે. જોકે 'નેશનલ ફેડરેશન ઑફ કો-ઓપરેશન સુગર ફેક્ટરીઝ' મુજબ બ્રાઝિલથી ખાંડ જરૂર પહોંચશે, પરંતુ તેનો જથ્થો કેટલો આવશે તે અંગે હજુય અનિશ્ચિતતા છે. ખાંડની આયાત માટે ભારત પાસે અત્યારે બ્રાઝિલ એક માત્ર વિકલ્પ છે. ખાંડની અછતને લઈને એક વધારાનું કારણ કેન્દ્રિય ઉપભોક્તા બાબતના મંત્રી પ્રહ્લાદ જોશી એવું કહે છે કે આ વખતે ખાંડની અછતનું કારણ રેડ રોટ [શેરડી લાલ થઈને સડી જાય] તે નામની પાકમાં થયેલી બીમારી છે અને તે સિવાય અલ-નીનોની સ્થિતિ પણ જવાબદાર છે. હવે મંત્રીજીનું તો એમ કહેવું છે કે આપણી વાર્ષિક ખાંડની ડિમાન્ડ અંદાજે 280 લાખ ટન જેટલી છે અને આપણી પાસે તો તેનાથી 25 લાખ ટન વધુ ખાંડ સ્ટોકમાં છે. પરંતુ તહેવારોના સિઝન અગાઉ આપણે વધારોનો સ્ટોક આગમચેતીરૂપે આયાત કર્યો છે. મતલબ કે કેન્દ્રિય મંત્રીના મુજબ ખાંડની કોઈ અછત નથી અને ભાવ કેમ વધ્યા છે તેનું કારણ તેમની પાસે નથી.

ખાંડની કિંમત વધે છે ત્યારે રાજકીય રીતે બૂમાબૂમ થાય છે તેનું એક કારણ લોકોના રોજિંદા જીવનની તેની ડિમાન્ડ છે. ખાંડ વિના કશુંય ચાલવાનું નથી. પરંતુ તે સિવાય તેનું મસમોટું માર્કેટ છે અને તદ્‌ઉપરાંત રાજકીય રીતે ખાંડ દઝાડનારો મુદ્દો છે. એક પર્યાવરણીય સંબંધિત ન્યૂઝ વેબસાઈટ પર આપેલા આંકડા મુજબ મહારાષ્ટ્રમાં સુગર મિલ્સના ચેરપર્સન વિધાનસભા અને સંસદસભાની ચૂંટણી લડે છે તે બેઠકોની સંખ્યા 30થી લઈને 45 સુધી છે અને તેથી ખાંડના વેપારીઓ સરકારને ઝુકાવી સુદ્ધા શકે છે. 2019ના વર્ષમાં અને તે પહેલાં શેરડીના ખેડૂતોને જે લોનનું વ્યાજ માફ થાય તે માટે વર્તમાન કેન્દ્રની સરકારે મસમોટી સહાય આપી હતી. દરેક વર્ષમાં આવા કિસ્સા જોવા મળશે. ખેડૂતોનું વ્યાજ માફી થાય તેમાં કશુંય ખોટું નથી, પરંતુ આવું કોઈ એક સેક્ટરના ખેડૂત માટે ન થવું જોઈએ. ઘણી વાર સુગર ઈન્ડસ્ટ્રીઝના નિર્ણયો મનફાવે તે રીતે લેવામાં આવે છે. જેમ કે, 2004-05 દરમિયાન જ્યારે શરદ પવાર જેઓ શેરડી ઉદ્યોગના માસ્ટરમેન ગણવામાં આવે છે - અને તે વખતે તેઓ કેન્દ્રિય કૃષિ મંત્રી હતા ત્યારે એક વિવાદિત નિર્ણય લીધો હતો. તે નિર્ણય અનુસાર તેમણે બ્રાઝિલમાં ખાંડ આયાત-નિર્યાતની મંજૂરી આપી હતી. તેમણે ખાંડ સસ્તા દરે વેચી હતી અને મોંઘા ભાવે આયાત કરાવી હતી. આ કારણે નાગરિકોના નાણાં વેડફાયા હતા. હવે આ નકામી ખરીદ-વેચાણમાં ભાવના ઉથલપાથલમાં અનેક સુગર મિલના માલિકો કમાયા હતા. સુગર ઈન્ડસ્ટ્રીઝ વિશેની જેઓ ગુપ્ત માહિતી જાણે છે તેઓ તો એમ પણ કહે છે કે શરદ પવાર બ્રાઝિલમાં સુગર મિલ્સની માલિકી ધરાવે છે!

ખાંડના ભાવ વધે ત્યારે શેરડીના ઉદ્યોગો વિશે વિસ્તૃત અહેવાલ આવે અને કિંમત સંદર્ભે તેનું મૂલ્યાંકન પણ થાય. પરંતુ શેરડી ઉદ્યોગની ટીકા રાજકારણ સિવાય પણ થાય છે; અને તે છે પ્રદૂષણ. સુગર મિલ્સ દ્વારા ઘણું પ્રદૂષણ થાય છે અને તેમાં પાણીનો ખૂબ વપરાશ હોવાથી પાણી તો વેડફાય છે, પરંતુ સાથે સાથે તે મિલોમાંથી નિકળેલા ગંદા પાણીની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવતી નથી. પર્યાવરણને નુકસાન કરનારા આવા તો અનેક પ્રશ્નો છે, પરંતુ સુગર ઈન્ડસ્ટ્રીઝને લઈને આ બાબતે અવાજ બુલંદ થતો નથી. ચોક્કસ જ આ ઈન્ડસ્ટ્રીઝમાં પચાસ લાખથી વધુ લોકો રોજગાર મેળવે છે.

પરંતુ રોજગાર આપવાથી તેને પ્રદૂષણ કરવાનો પરવાનો મળી જતો નથી. આવું કેટકેટલું છે જે માત્ર આ ઈન્ડસ્ટ્રીઝની આસપાસના મુદ્દાઓ છે.

હાલમાં ખાંડની અછતને,@ લઈને એક નિવેદન કરી શકાય કે દરેક ચીજવસ્તુઓના ઉત્પાદન અને આપૂર્તિનું એક ચક્ર હોય છે; અને જ્યારે કોઈ ચક્ર ખોરવાય છે ત્યારે તેની અસર અનેક મોરચે પડે છે. જેમ કે, ખરાબ થઈ ગયેલા અનાજથી પશુઓ અને મરઘાંઓ માટે આહારના દાણા બનાવવામાં આવે છે. ઈથનોલ બનાવવા માટે ખરાબ અનાજની ખપત થવા લાગી તેના પરિણામે પશુઓનો આહાર મોંઘો થવા લાગ્યો. પશુ આહાર આઠથી દસ ટકા સુધી મોંઘો થયો છે અને પરિણામે હવે તેની અસર દૂધ અને ઈંડાના ભાવ પર પડી છે. આવા તો અનેક દાખલાઓ આપી શકાય, જેનાથી માર્કેટમાં સારી રીતે ચાલતું આખું ચક્ર તૂટી જાય છે. પરંતુ હાલમાં તે અંગે કોનો દોષ કાઢવો? નીતિ જ્યારે બને છે ત્યારે તેનો અમલ કેવી રીતે થશે તેનું દિર્ઘદૃષ્ટિએ મૂલ્યાંકન થાય તો આ બધી બાબતનો અગાઉથી આવી શકે. આ પ્રક્રિયા હવે પડી ભાંગી છે અને તે કારણે જીવનજરૂરી ચીજવસ્તુઓ મોંઘી થઈ રહી છે અને તેનું મોંઘા થવાનું ચક્ર કાયમ માટે સ્થાપિત થઈ ચૂક્યું છે. આ ચક્ર ત્યારે જ તૂટશે જ્યારે કોઈ પણ નીતિ-નિર્ણય લોકલક્ષી અને દિર્ઘદૃષ્ટિથી અમલમાં મૂકાય.